# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/032 Dt. 08/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જીએસટી કોન્કલેવ ૨૦૨૫ યોજાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૫ જુલાઇ ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે પ્લેટિનમ હોલ,સરસાણા, સુરત ખાતે જીએસટી કોન્કલેવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવમાં ગુજરાત હાઈકોર્ટના પ્રેક્ટિશનર સી.એ. એડવોકેટ શ્રી હિરેન ત્રિવેદીએ ટેક્ષ્ટાઇલ સેકટર માટેના જીએસટી કોમ્પ્લાયન્સિસ એન્ડ ચેલેન્જીસ વિષે અને દેસાઈ લીગલના સ્થાપક સી.એ. એડવોકેટ શ્રી અભય દેસાઈએ તાજેતરના ન્યાયિક નિર્ણયો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, જીએસટીની સતત બદલાતી જોગવાઈઓ વચ્ચે ઉદ્યોગકારોને સમયસર યોગ્ય માહિતી અને સ્પષ્ટતા મળવી જરૂરી છે. ચેમ્બરના મંચ પરથી આવા પ્રકારના કોન્કલેવનું આયોજન કરીને અમે ઉદ્યોગ જગતને સમય સમય પર યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાની દિશામાં આગળ વધીએ છીએ. સરકારની જીએસટી સંબંધિત નીતિઓમાં સ્પષ્ટતા અને જટિલતાઓનું યોગ્ય સમજદારીપૂર્વક પાલન થાય તે માટે ઉદ્યોગ જગત માટે આવા પ્રકારના કોન્કલેવનું આયોજન જરૂરી છે.

ગુજરાત સરકારના ઇન્ડેક્ષ્ટબીના મેનેજિંગ ડિરેકટર શ્રી કે.સી. સંપત (IAS)એ જીએસટી કોન્કલેવમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારનો હંમેશા દૃઢ અભિગમ રહ્યો છે કે ઉદ્યોગોને સરળ, પારદર્શક અને વિકાસલક્ષી નીતિ માળખું ઉપલબ્ધ થાય. ચેમ્બર આવા કોન્કલેવ થકી ઉદ્યોગકારો અને નીતિ નિર્માતાઓ વચ્ચે જાણકારી અને સંવાદ માટે અત્યંત યોગ્ય અને ઉપયોગી મંચ પૂરો પાડે છે. સરકાર હંમેશાં ઉદ્યોગ જગત સાથે સહકારથી આગળ વધી રહી છે અને ભવિષ્યમાં પણ સહયોગ અને માર્ગદર્શન આપતી રહેશે. સરકારના નીતિ નિયમોથી બિઝનેસ કરીએ તો પીસ ઓફ માઇન્ડ અને ગ્રોથ ઓફ બિઝનેસ એ બંને બાબતો શક્ય બને છે.

કોન્કલેવમાં નિષ્ણાંત વકતા તરીકે ગુજરાત હાઈકોર્ટના પ્રેક્ટિશનર સી.એ. એડવોકેટ શ્રી હિરેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વિભાગ જ્યારે રજિસ્ટ્રેશન રદ કરે છે તો તે અંગે ડિટેઇલમાં તેનું કારણ દર્શાવેલું હોવું જોઇએ, પરંતુ વિભાગ દ્વારા રજિસ્ટ્રેશન રદ થવા પાછળ માત્ર એક લાઇનમાં કારણ દર્શાવવામાં આવે છે, જેની સ્પષ્ટતા સંપૂર્ણપણે થતી નથી, જેથી જેનું રજિસ્ટ્રેશન રદ થાય છે તેને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

વધુમાં તેમણે કહયું હતું કે, જીએસટીમાં રૂલ ર૫માં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે સ્પોટ વિઝીટ પહેલા નોટિસ આપવામાં આવે, પરંતુ વિભાગ દ્વારા નોટિસ વગર જ સ્પોટ વિઝીટ કરવામાં આવે છે. આવા કેસોમાં જ્યારે રજિસ્ટ્રેશન રદ કરવામાં આવે છે ત્યારે મીસ રિપ્રેઝન્ટેશન તરીકે કારણ દર્શાવવામાં આવે છે. જેને કારણે પણ ઉદ્યોગકારો અને વેપારીઓને મુશ્કેલી થાય છે.

વિભાગ બારોબાર પોર્ટલ પર નોટિસ આપી દે છે, જેની ટેક્ષ પેયરને બે વર્ષે જાણ થાય છે. આવા કેસમાં નોટિસના ત્રણ મહિનાની અંદર અપીલ કરવાની હોય છે, પરંતુ જાણ જ બે વર્ષે થાય ત્યારે ટેક્ષ પેયર કશું કરી શકતા નથી. ચાર મહિના પછી તો કોઇ અધિકારી પણ એને કોન્ડોન કરી શકતા નથી, કારણ કે એની પાસે સત્તા જ હોતી નથી. આવા કેસમાં ટેક્ષ પેયરને અપીલની સમય મર્યાદાનો બાદ નડે છે. આવી વિવિધ મુશ્કેલીઓ ટેક્ષ પેયરને સહન કરવાનો વારો આવે છે. તેમણે ટેક્ષ્ટાઇલ સેકટર માટેના જીએસટી કોમ્પ્લાયન્સિસ એન્ડ ચેલેન્જીસ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

અન્ય નિષ્ણાંત વકતા તરીકે દેસાઈ લીગલના સ્થાપક સી.એ. એડવોકેટ શ્રી અભય દેસાઈએ જીએસટી સંબંધિત તાજેતરના જ્યુડિશિયલ પ્રોનાઉન્સમેન્ટ્સ એન્ડ ઇટ્સ ઇમ્પ્લીકેશન્સ અંગે માહિતી આપી હતી. તેમણે તાજેતરમાં જીએસટી અંગે આવેલા ન્યાયિક ચૂકાદાઓ અને તેનું ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ તથા અન્ય વ્યવસાયિક ક્ષેત્રો પર પડતા અસરકારક પરિણામો પર પ્રકાશ પાડયો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સર્વેનો આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે, જીએસટીની બદલાતી જોગવાઈઓ અને નીતિઓની વચ્ચે ઉદ્યોગકારોને યોગ્ય માર્ગદર્શન અને સ્પષ્ટતા મળી રહે એ જરૂરી છે. આવા કોન્કલેવ ઉદ્યોગ જગત માટે સરકારની નિયમનકારી બાબતોને સરળ બનાવી ઉદ્યોગ–ધંધાઓમાં આગળ વધવા માટે પ્રેરક બની રહે છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદીએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, જીએસટીના પ્રેકટીશનર્સને જીએસટીમાં દરરોજ નવું સમજવું પડે છે. સતત અભ્યાસ અને અમલીકરણની એમાં પ્રોસેસ રહે છે. ધંધાના ટ્રાન્ઝેકશન થતા હોવાથી કેસ સ્ક્રૂટીની અને ઓડિટમાં થતા હોય છે અને એના માટે આપણે શું કરી શકાય તે હેતુથી જીએસટી કોન્કલેવનું આયોજન કરવામાં આવે છે.

જીએસટી કોન્કલેવ ૨૦૨૫ અંતર્ગત Simplifying GST: Bridging Compliance and Clarity for Growth વિષય પર પેનલ ડિસ્કશન યોજાયું હતું. આ પેનલ ડિસ્કશનમાં સી.એ. અવિનાશ પોદ્દાર, એડવોકેટ શ્રી રોહન દેસાઈ અને સી.એ. મુકુંદ ચૌહાણ પેનલિસ્ટ તરીકે જોડાયા હતા. તમામ પેનલિસ્ટોએ જીએસટીના વિવિધ પાસાઓ, નીતિ–નિયમોની જટિલતાઓ, ટેક્ષટાઇલ અને અન્ય ઉદ્યોગોના જીએસટી સંબંધિત વિવિધ પડકારો અને તેના સંભવિત ઉપાયો પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન સીએ હાર્દિક શાહે જીએસટી કોન્કલેવ ૨૦૨૫ અંગે માહિતી આપી હતી. ચેમ્બરની જીએસટી કમિટીના સભ્ય શ્રી દિપેશ શાકવાલાએ જીએસટી કોન્કલેવ ૨૦૨૫નું સંચાલન કર્યું હતું. જ્યારે સીએ રાજેશ ભાઉવાલાએ પેનલ ડિસ્કશનનું સંચાલન કરી ડિસ્કશનમાં જીએસટીના મુખ્ય મુદ્દાઓને રજૂ કર્યા હતા.

કોન્કલેવમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, પૂર્વ પ્રમુખ સીએ પી.એમ. શાહ, સુરતના ઉદ્યોગકારો, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના અગ્રણીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને કોમ્પ્લાયન્સ કન્સલ્ટન્ટ્સ તેમજ એકાઉન્ટિંગ અને કન્સલ્ટિંગ ક્ષેત્રના નિષ્ણાંતો તથા ઉદ્યોગ સાહસિકો હાજર રહયા હતા. નિષ્ણાંતોએ ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કોન્કલેવનું સમાપન થયું હતું.